

# વિશેષ શિક્ષણમાં માતા-પિતાના અધિકારો માટે માર્ગદર્શિકા

## વિશેષ શિક્ષણ પ્રક્રિયાગત સલામતી સૂચના

એપ્રિલ 2017

Ohio શિક્ષણ વિભાગ



## વિશેષ શિક્ષણ વિશે

વિશેષ શિક્ષણ, 3 થી 21 વર્ષની વયના વિદ્યાર્થીઓ માટે, સંઘીય અને રાજ્ય જરૂરિયાતો દ્વારા માર્ગદર્શન અપાયેલ છે. સંઘીય જરૂરિયાતોને વિકલાંગતા વાળા વ્યક્તિઓ માટે શિક્ષણ અધિનિયમ (Individuals with Disabilities Education Act, IDEA) તરીકે ઓળખવામાં આવે છે. રાજ્યની જરૂરિયાતોને વિકલાંગતા વાળા બાળકોના શિક્ષણ માટે ઓહાયો ઑપરેટિંગ સ્ટાન્ડર્ડ (ઓહાયો ઑપરેટિંગ સ્ટાન્ડર્ડ્સ) તરીકે ઓળખવામાં આવે છે.

આ માર્ગદર્શિકા IDEA અને ઓહાયો ઑપરેટિંગ સ્ટાન્ડર્ડ અનુસાર તમારા અધિકારો અને તમારા બાળકના અધિકારોને સમજવામાં તમારી મદદ કરી શકે છે. તે તમને તમારા બાળકના વિશેષ શિક્ષણ આધાર અને સેવાઓને સમજવામાં મદદ કરવા માટે માહિતી અને સંસાધનો પણ પૂરા પાડે છે.

તમારો સ્થાનિક શાળા ડિસ્ટ્રિક્ટ પણ આ કાયદા હેઠળ તમારા અધિકારોને સમજવામાં તમારી મદદ કરી શકે છે. જો તમને આ માર્ગદર્શિકામાં માહિતી વિશે પ્રશ્નો હોય, તો કૃપા કરીને તમારા ડિસ્ટ્રિક્ટ માટેના વિશેષ શિક્ષણ નિયામકનો સંપર્ક કરો.

### વિશેષ શિક્ષણ માટે તમારી શાળાનો સંપર્ક

ડિસ્ટ્રિક્ટ: *કૃપા કરીને આ ઈન્ટરેક્ટિવ વિભાગમાં નીચેની માહિતી ઉમેરો:*

વિશેષ શિક્ષણ નિયામક:

ફોન નંબર:

ઈ-મેઈલ સરનામું:

### વિશેષ શિક્ષણ માટે ઓહાયો શિક્ષણ વિભાગ સંપર્ક

(ફોન) 614-466-2650

(ટોલ ફ્રી) 877-644-6338

(ફેક્સ) 614-728-1097

25 S. Front Street, Mail Stop 409
Columbus, Ohio 43215

Exceptionalchildren@education.ohio.gov

ટેલિટાઇપરાઈટર (TTY) નો ઉપયોગ કરનારા કોલર્સ, કૃપા કરીને (800) 750-0750 પર ઓહાયો રિલે સેવાને કોલ કરો. વધારાની સંપર્ક માહિતી http://bit.ly/2hgiNa1

## માતા-પિતાના અધિકારોની આ માર્ગદર્શિકાનો પરિચય

વિકલાંગતા વાળા વ્યક્તિઓ માટે શિક્ષણ અધિનિયમ (Individuals with Disabilities Education Act, IDEA) વિકલાંગ વિદ્યાર્થીઓના અધિકારો અને તેમના માતાપિતાના અધિકારોનું રક્ષણ કરે છે. આ માર્ગદર્શિકા તમને તે અધિકારો વિશે જણાવે છે. જો તમારું બાળક વિશેષ શિક્ષણ સેવાઓ મેળવતું હોય તો તમારી શાળાએ દર વર્ષે એકવાર તમને માર્ગદર્શિકાની એક નકલ આપવી આવશ્યક છે. આ કિસ્સાઓમાં પણ તમને એક નકલ મળવી આવશ્યક છે:

- તમે તમારા બાળકનું મૂલ્યાંકન કરાવવા માટે કહો છો કારણ કે તમને લાગે છે કે તમારા બાળકને વિકલાંગતા હોઈ શકે છે;
- તમારું શાળા ડિસ્ટ્રિક્ટ તમારા બાળકનું મૂલ્યાંકન કરાવવા માંગે છે કારણ કે તેને લાગે છે કે તમારા બાળકને વિકલાંગતા હોઈ શકે છે;
- તમે ઓહાયો શિક્ષણ વિભાગમાં અસાધારણ બાળકો માટેની કચેરીમાં- લેખિતમાં - *એક ફરિયાદ* દાખલ કરો (સબમિટ કરો), અને તે શાળા વર્ષની તમારી *પ્રથમ* ફરિયાદ હોય;
- તમે તમારા બાળકના શિક્ષણ સંબંધિત *નિયત પ્રક્રિયા સુનાવણી* માટે ઓહાયો શિક્ષણ વિભાગ ખાતે અસાધારણ બાળકો માટેની કચેરીમાં- લેખિતમાં - વિનંતી દાખલ કરો (સબમિટ કરો), અને પહેલી વાર શાળા વર્ષમાં તમે તે માટે કહ્યું હોય;
- તમારા બાળકને શિસ્ત (વર્તણૂક) કારણોસર શાળામાંથી *બહાર કરવામાં આવ્યું હોય* - અને તમારા બાળકને પહેલેથી જ વર્તમાન શાળા વર્ષ દરમિયાન 10 દિવસ કે તેથી વધુ સમયથી શાળામાંથી બહાર કરવામાં આવ્યું હોય; અથવા
- કોઈપણ સમયે ***તમે** માર્ગદર્શિકાની નકલ* માગો છો.



## વિષયવસ્તુનું કોષ્ટક

**સામાન્ય માહિતી ... 5**

માતા-પિતાની સુમાહિતગાર સંમતિ

શું તમારું બાળક વિશેષ શિક્ષણ માટે પાત્ર છે? સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકનો

પૂર્વેની લેખિત સૂચના

**શૈક્ષણિક રેકોર્ડ ... 10**

રેકોર્ડ્સની સુલભતા

**વિવાદ નિરાકરણ ... 12**

વિવાદ નિરાકરણ પ્રક્રિયા પ્રારંભિક ફરિયાદ નિરાકરણની સુગમતા

મધ્યસ્થી

રાજ્ય સ્તરે ફરિયાદ દાખલ કરવી રાજ્ય ફરિયાદ પ્રક્રિયા

નિયત પ્રક્રિયા ફરિયાદ દાખલ કરવી નિયત પ્રક્રિયા સમયમર્યાદા અને પ્રક્રિયા નિયત પ્રક્રિયા નિરાકરણ

સુનાવણી પ્રક્રિયા નિર્ણય સામે અપીલ કરવી

નિયત પ્રક્રિયા દરમિયાન બાળકની સ્થિતિ એટર્નીની ફી

**શિસ્ત ... 29**

વિકલાંગતા વાળા બાળકો માટે શિસ્ત પ્રક્રિયાઓ લક્ષણ નિર્ધારણ

વચગાળાના વૈકલ્પિક શૈક્ષણિક સેટિંગ

**વાલીઓ દ્વારા વિકલાંગતા વાળા બાળકોની જાહેર ખર્ચે ખાનગી શાળામાં એકપક્ષીય નિયુક્તિ ... 32**

વળતર નક્કી કરવાની પ્રક્રિયા

**વિકલાંગતા વાળા વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ કાર્યક્રમો અંગે માતાપિતા માટેની સૂચના ... 33**

સૂચના ક્યારે અપાય છે

# સામાન્ય માહિતી

## માતા-પિતાની સુમાહિતગાર સંમતિ

માતા-પિતાની સુમાહિતગાર સંમતિનો અર્થ એ છે કે તમે અને/અથવા ડિસ્ટ્રિક્ટ દ્વારા નિયુક્ત સરોગેટ માતા-પિતાએ શાળા ડિસ્ટ્રિક્ટને કોઈ કાર્યવાહી કરવા માટે લેખિતમાં પરવાનગી આપી છે. તમારી પરવાનગીનો અર્થ એ પણ છે કે ડિસ્ટ્રિક્ટ દ્વારા તમને પ્રસ્તાવિત કાર્યવાહી વિશે માહિતી આપવામાં આવી છે. તમારા બાળકના વિશેષ શિક્ષણને લગતી અમુક બાબતો કરવા માટે તમારા બાળકના શાળા ડિસ્ટ્રિક્ટે તમારી પાસેથી આ પરવાનગી લેખિતમાં મેળવવી આવશ્યક છે.
શાળા ડિસ્ટ્રિક્ટે નીચેના વખતે તમારી લેખિત પરવાનગી મેળવવી આવશ્યક છે:

- તમારા બાળકને વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓની જરૂર છે કે કેમ તે જાણવા માટે ડિસ્ટ્રિક્ટ પ્રથમ વખત તમારા બાળકનું મૂલ્યાંકન કરે તે પહેલાં;
- ડિસ્ટ્રિક્ટ તમારા બાળકને તેના અથવા તેણીનાં પ્રથમ વ્યક્તિગત શિક્ષણ કાર્યક્રમમાં, કે જેને IEP પણ કહેવાય છે, તેમાં સૂચિબદ્ધ વિશેષ શિક્ષણ સેવાઓ આપવાનું શરૂ કરે તે પહેલાં;
- તમારા બાળકની જરૂરિયાતો બદલાઈ છે કે કેમ તે જાણવા માટે ડિસ્ટ્રિક્ટ તમારા બાળકનું પુનઃમૂલ્યાંકન કરે તે પહેલાં;
- ડિસ્ટ્રિક્ટ તમારા બાળક માટે વધારાના મૂલ્યાંકનો કરે તે પહેલાં. આનું એક ઉદાહરણ કાર્યાત્મક વર્તણૂક મૂલ્યાંકન હશે;
- ડિસ્ટ્રિક્ટ તમારા બાળકની શૈક્ષણિક નિયુક્તિ બદલે તે પહેલાં. આનો અર્થ એ નથી કે સ્થાનમાં ફેરફાર થશે. તેના બદલે, તેનો અર્થ તમારા બાળકના શૈક્ષણિક કાર્યક્રમમાં ફેરફાર છે; અને
- રાજ્ય અથવા સંઘીય કાયદામાં સૂચિબદ્ધ સિવાય કોઈ અન્યને ડિસ્ટ્રિક્ટ તમારા બાળક વિશે માહિતી આપે તે પહેલાં.

### સરોગેટ માતા-પિતા શું છે?

સરોગેટ માતા-પિતા એક એવી વ્યક્તિ છે જે વિશેષ શિક્ષણ સેવાઓ માટે પાત્ર બનવા અને તે પ્રાપ્ત કરવા સંબંધિત તમામ બાબતોમાં વિકલાંગતા વાળા બાળકનું પ્રતિનિધિત્વ કરી શકે.

નિમ્નલિખિતમાંથી કોઈપણ બને ત્યારે તમે જ્યાં રહો છો તે શાળા ડિસ્ટ્રિક્ટ સરોગેટ માતા-પિતાની નિમણૂક કરે છે:

- માતા-પિતાની ઓળખ થઈ શકતી નથી;
- શાળા ડિસ્ટ્રિક્ટ, વાજબી પ્રયાસો પછી, માતા-પિતાને શોધી શકતું નથી;
- બાળક એક સાથહીન ઘરવિહોણી યુવા વ્યક્તિ છે; અથવા
- બાળક રાજ્યનુ વૉર્ડ (કાનૂની કસ્ટડી હેઠળ સગીર) છે.

**જ્યારે નીચેનામાંથી કોઈ એક થાય ત્યારે માતા-પિતાની સુમાહિતગાર સંમતિ જરૂરી નથી:**

- ડિસ્ટ્રિક્ટ મૂલ્યાંકન/પુનઃમૂલ્યાંકન પ્રક્રિયાના ભાગરૂપે વર્તમાન વિદ્યાર્થીઓની માહિતીની સમીક્ષા કરી રહ્યું હોય; અથવા
- ડિસ્ટ્રિક્ટ તમારા બાળકના એવા મૂલ્યાંકનો કરી રહ્યું હોય જે તમામ વિદ્યાર્થીઓ માટે કરવામાં આવતા હોય.



**તમારી માતા-પિતાની સુમાહિતગાર સંમતિ મળે તે માટે, ડિસ્ટ્રિકટે નીચેની ખાતરી કરવી આવશ્યક છે:**

- તમારે નિર્ણય લેવા માટે જરૂરી બધી માહિતી તમને આપવા માટે તમારી મૂળ ભાષાનો અથવા તમે સમજી શકો તેવા સંદેશાવ્યવહારના બીજા સ્વરૂપનો ઉપયોગ કર્યો છે;
- ડિસ્ટ્રિક્ટ પ્રવૃત્તિ હાથ ધરે તે તમે સમજો છો અને તે માટે લેખિતમાં સંમત થાઓ છો અને તમારી સંમતિ તે પ્રવૃત્તિનું, તેમજ તમારા બાળકના કોઈપણ રેકોર્ડ કે જે અન્ય લોકો સાથે વહેંચવા અંગે અને કોની સાથે વહેંચવામાં આવશે તેનું વર્ણન કરે છે;
- તમે સમજો છો કે તમે તમારી પોતાની પસંદગીથી તમારી સંમતિ આપી રહ્યા છો અને તમે કોઈપણ સમયે તમારો વિચાર બદલી શકો છો;
- તમે સમજો છો કે જો તમે તમારી સંમતિ પાછી ખેંચો છો, તો ડિસ્ટ્રિક્ટે તમારી પરવાનગી આપાયાના સમય અને તમે તેને પાછી ખેંચો તે સમય વચ્ચે કરવામાં આવેલ કોઈપણ કાર્યવાહીને પૂર્વવત્ કરવાની જરૂર નથી.

## સંમતિ પાછી ખેંચવી

સંમતિ પાછી ખેંચવાનો અર્થ એ છે કે તમે તમારી પરવાનગી પછી લઈ લો છો. તમે કોઈપણ સમયે તમારી સંમતિ પાછી ખેંચી શકો છો જો તમે નક્કી કરો કે તમે હવે તમારા બાળકને તમારા બાળકના IEPમાં આપેલી વિશેષ શિક્ષણ સેવાઓ પ્રાપ્ત કરાવવા માંગતા નથી. તમારે આ *લેખિતમાં*કરવું આવશ્યક છે.

પછી, તમારા શાળા ડિસ્ટ્રિક્ટ દ્વારા આમ કરાવું આવશ્યક છે:

- તમારા બાળકને IEPમાંની વિશેષ શિક્ષણ સેવાઓ પૂરી પાડવાનું બંધ કરવું, પરંતુ તે સેવાઓ પૂરી પાડવાનું બંધ કરે તે પહેલાં, ડિસ્ટ્રિક્ટે તમને લેખિતમાં નોટિસ આપવી જરૂરી છે કે તેઓ સેવાઓ બંધ કરી રહ્યાં છે. ડિસ્ટ્રિક્ટ તમને જે નોટિસ આપે છે તેને પૂર્વેની લેખિત સૂચના કહેવામાં આવે છે. આ પૂર્વેની લેખિત સૂચના આ માર્ગદર્શિકાના પૃષ્ઠ 9 પરના પૂર્વેની લેખિત સૂચના વિભાગમાં દર્શાવેલ જરૂરિયાતોને પૂરી કરે તે આવશ્યક છે.

એકવાર ડિસ્ટ્રિક્ટ તમને આ પૂર્વેની લેખિત સૂચના આપે કે જેમાં જણાવવામાં આવ્યું હોય કે તેઓ હવે તમારા બાળકને વિશેષ શિક્ષણ સેવાઓ પૂરી પાડશે નહીં અને એકવાર સેવાઓ બંધ થઈ જાય, પછી ડિસ્ટ્રિક્ટ તમારા બાળકને વિશેષ શિક્ષણ માટે પાત્ર ગણતા નથી અને તેને બદલે તમારા બાળકને સામાન્ય શિક્ષણ માટેના વિદ્યાર્થી તરીકે ગણશે.



## શું તમારું બાળક વિશેષ શિક્ષણ માટે પાત્ર છે?

પાત્ર બનવાનો સીધો અર્થ એ છે કે તમારા બાળકને એક અથવા વધુ વિકલાંગતાને કારણે ચોક્કસ શૈક્ષણિક સેવાઓની જરૂર હોવાનું જાણવા મળ્યું છે. વિકલાંગતા વાળા વ્યક્તિઓ માટે શિક્ષણ અધિનિયમ (The Individuals with Disabilities Education Act IDEA) વિકલાંગતા વાળા વિદ્યાર્થીઓને વિશેષ શિક્ષણ અને/અથવા સંબંધિત સેવાઓ મળે તે જરૂરી બનાવે છે. આ કાયદા હેઠળ વિકલાંગતા વાળા વિદ્યાર્થી ગણાવા માટે, તમારા બાળકને નીચેની એક અથવા વધુ વિકલાંગતા શ્રેણીઓમાં તેની અથવા તેણીની વિકલાંગતાને કારણે વિશેષ શિક્ષણ અને/અથવા સંબંધિત સેવાઓની જરૂરિયાત હોવી જોઈએ:

- બૌદ્ધિક વિકલાંગતા;
- સાંભળવાની ક્ષતિ;
- બોલવા અંગેની અથવા ભાષાની ક્ષતિ;
- દ્રશ્ય ક્ષતિ;
- ભાવનાત્મક વિક્ષેપ;
- ઓર્થોપેડિક ક્ષતિ;
- ઓટીઝમ (એક માનસિક રોગ);
- આઘાતજનક મગજની ઈજા;
- અન્ય સ્વાસ્થ્ય ક્ષતિ;
- ચોક્કસ શીખવાની અપંગતા;
- બહેરાશ;
- બહેરા-અંધત્વ;
- બહુવિધ વિકલાંગતા; અથવા
- વિકાસલક્ષી વિલંબ.

### મૂળ ભાષા અથવા સંદેશાવ્યવહારની અન્ય રીત

તમે જે બેઠકોમાં ભાગ લો છો, તમારા બાળકનું મૂલ્યાંકન અને તમને મળતી તમામ સૂચનાઓ તમારી માતૃભાષામાં અથવા તમે ઉપયોગ કરો છો તેવા અન્ય સંદેશાવ્યવહારમાં લખેલી અથવા બોલવી આવશ્યક છે.

તમારા બાળકનું મૂલ્યાંકન કરવા માટે ઉપયોગમાં લેવાતા તમામ પરીક્ષણો અને અન્ય સામગ્રીઓ તમારા બાળકની મૂળ ભાષામાં - અથવા સંદેશાવ્યવહારના અન્ય માધ્યમોમાં હોવા, તમારું બાળક શું જાણે છે અને શૈક્ષણિક, વિકાસલક્ષી અને વિધેયાત્મક રીતે શું કરી શકે છે, તે અંગે ડિસ્ટ્રિક્ટને સચોટ માહિતી આપતાં હોવાં આવશ્યક છે, સિવાય કે હાથ ધરવું અથવા પ્રદાન કરવું સ્પષ્ટપણે શક્ય ન હોય.

## જિલ્લાને તમારા બાળકનું મૂલ્યાંકન કરવા કહો

જો તમને લાગે કે તમારા બાળકને એવી વિકલાંગતા હોઈ શકે છે જે તેના અથવા તેણીના શિક્ષણને અસર કરી રહી છે, તો તમે ડિસ્ટ્રિક્ટને તે અથવા તેણી વિશેષ શિક્ષણ માટે પાત્ર છે કે નહીં તે નિર્ધારણ કરવા માટે તમારા બાળકનું મૂલ્યાંકન કરવા માટે કહી શકો છો કે (IDEA હેઠળ વિકલાંગતા ધરાવતું બાળક ગણાતું). જો ડિસ્ટ્રિક્ટ સ્ટાફના સભ્યોને લાગે કે તમારા બાળકને વિશેષ શિક્ષણની જરૂર છે તો શાળા ડિસ્ટ્રિક્ટ તમને કોઈપણ સમયે પૂછી શકે છે કે તમારા બાળકનું મૂલ્યાંકન થાય તેવું તમે ઈચ્છો છો કે કેમ. બંને કિસ્સામાં, શાળા ડિસ્ટ્રિક્ટે લેખિતમાં તમારી પરવાનગી (સંમતિ) મેળવ્યા પછી, તેણે 60 કેલેન્ડર દિવસોમાં પ્રારંભિક (પ્રથમ) મૂલ્યાંકન પૂર્ણ કરવું આવશ્યક છે.

## જો બાળક રાજ્યનો વૉર્ડ (કાનૂની કસ્ટડી હેઠળ સગીર) છે

જો બાળક *રાજ્યનો વૉર્ડ (કાનૂની કસ્ટડી હેઠળ સગીર) છે* અને તેના અથવા તેણીના માતાપિતા સાથે રહેતો/તી નથી, તો નીચેની પરિસ્થિતિઓમાં બાળક વિકલાંગતા ધરાવતું બાળક છે કે કેમ તે નક્કી કરવા માટે પ્રારંભિક મૂલ્યાંકન કરવા માટે શાળા ડિસ્ટ્રિક્ટને માતા-પિતાની સંમતિની જરૂર નથી:

- જો, આમ કરવા માટે વ્યાજબી પ્રયત્નો કરવા છતાં, શાળા ડિસ્ટ્રિક્ટ બાળકના માતાપિતાને શોધી શકતાં નથી;
- માતા-'પિતાના અધિકારો સમાપ્ત કરવામાં આવ્યા છે; અથવા
- માતા-પિતાના અધિકારો ન્યાયાધીશ દ્વારા સોંપવામાં આવ્યા હોય તે વ્યક્તિ પ્રારંભિક મૂલ્યાંકન માટે સંમતિ આપે છે.

## સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન (Independent Educational Evaluations, IEE)

સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન (IEE) ને બહારનું મૂલ્યાંકન પણ કહેવાય છે. શાળા ડિસ્ટ્રિક્ટ આ બહારનાં મૂલ્યાંકન માટે તો જ ચૂકવણી કરશે જો તે પહેલાં તમારા બાળકનું પોતાનું મૂલ્યાંકન કરી ચૂક્યું હોય અને તમે ડિસ્ટ્રિક્ટના તારણોથી અસંમત છો. હેતુ તમારા બાળકને વિશેષ શિક્ષણની જરૂર છે કે નહીં, અથવા વિશેષ શિક્ષણ ચાલુ રાખવાની જરૂર છે કે કેમ જાણવાનું છે. જે વ્યક્તિ તમારા બાળકનું આ બહારનાં મૂલ્યાંકન માટે મૂલ્યાંકન કરે છે તે તમારા બાળકના શાળા ડિસ્ટ્રિક્ટ માટે કામ કરી શકે નહીં. માતા-પિતા તરીકે, કોઈપણ સમયે, તમારા બાળક માટે બહારનાં મૂલ્યાંકનની વ્યવસ્થા અને ચુકવણી કરવાનો તમને અધિકાર છે. એકવાર તમે તમારા બાળકના તમારા ડિસ્ટ્રિક્ટ દ્વારા કરાયેલા મૂલ્યાંકન સાથે અસંમત થાઓ અને બહારનાં મૂલ્યાંકન માટે કહો એટલે તમારા ડિસ્ટ્રિક્ટે બિનજરૂરી વિલંબ કર્યા વિના આમાંનું એક પગલું લેવું આવશ્યક છે:

- તમે તમારા બાળકનું બહારનું મૂલ્યાંકન જાતે ક્યાંથી કરાવી શકો તે વિશે શાળા જિલ્લાએ તમને જણાવવું અને ડિસ્ટ્રિક્ટ તેને માટે ચૂકવણી કરે તે માટે જરૂરી માપદંડ વિશે તમને જાણ કરવી આવશ્યક છે. એકવાર ડિસ્ટ્રિક્ટ સંમત થાય અને તમને બહારનું મૂલ્યાંકન કરાવો, પછી ડિસ્ટ્રિક્ટે ખર્ચ ચૂકવવો આવશ્યક છે; અથવા
- ડિસ્ટ્રિક્ટે અસાધારણ બાળકો માટે ઓહાયો શિક્ષણ વિભાગની કચેરીને નિયત પ્રક્રિયા સુનાવણી માટે વિનંતી સુપ્રત કરવી જોઈએ (પૃષ્ઠ 21 જુઓ) કારણ કે તે બહારનાં મૂલ્યાંકન માટેની તમારી વિનંતી સાથે અસંમત છે. આનું કારણ એ છે કે ડિસ્ટ્રિક્ટને લાગે છે કે તમારા બાળકનું તેણ પોતે કરેલું મૂલ્યાંકન યોગ્ય હતું.

### બહારના મૂલ્યાંકનો માટેના માપદંડ

ડિસ્ટ્રિક્ટ કરે છે તે મૂલ્યાંકનને લાગુ પડતા માપદંડ માતાપિતા વ્યવસ્થા કરે અને ડિસ્ટ્રિક્ટ ચૂકવે છે તેવા બહારનાં મૂલ્યાંકનોને પણ લાગુ પડે છે. આ માપદંડમાં તમારું બાળક મૂલ્યાંકન માટે ક્યાં જાય છે અને તમારા બાળકની તપાસ કરનાર વ્યક્તિનો અનુભવ શામેલ છે. ડિસ્ટ્રિક્ટના માપદંડને પૂર્ણ કરતાં હોય તેવા બહારનાં મૂલ્યાંકનની સંપૂર્ણ કિંમત ડિસ્ટ્રિક્ટે ચૂકવવી આવશ્યક છે.

જો તમે તમારા બાળક માટે બહારના મૂલ્યાંકનની વિનંતી કરો છો, તો જિલ્લો તમને પૂછી શકે છે કે તમે તમારા બાળકના જિલ્લાના મૂલ્યાંકન સાથે *શા માટે*અસહમત છો (એટલે કે, તમે બહારનું મૂલ્યાંકન કરવા માંગો છો), પરંતુ તમારે આ સમજાવવાની જરૂર નથી સિવાય કે તમે આવું કરવા ઈચ્છો. તમારી પાસે ફક્ત એક જ બહારનાં મૂલ્યાંકનનો અધિકાર છે જે જિલ્લા દ્વારા ચૂકવવામાં આવે છે, દરેક વખતે જ્યારે જિલ્લા તમારા બાળકનું મૂલ્યાંકન કરે છે અને તમે જિલ્લાના મૂલ્યાંકન પરિણામો સાથે અસંમત છો.

એકવાર તમારા બાળકનું બહારનું મૂલ્યાંકન થઈ જાય જે જિલ્લાના માપદંડોને પૂર્ણ કરે છે, તેના માટે કોણ ચૂકવણી કરે છે તે ધ્યાનમાં લીધા વગર, તો જિલ્લાએ તે મૂલ્યાંકનના પરિણામો ધ્યાનમાં લેવા જોઈએ અને તે નક્કી કરવું જોઈએ કે તે તમારા બાળકને મફત યોગ્ય જાહેર શિક્ષણ (free appropriate public education, FAPE) કેવી રીતે આપશે.

**જ્યારે તમે બહારનાં મૂલ્યાંકનની વિનંતી કરો ત્યારે નીચે આપેલ ચાર્ટ જુદા જુદા દૃશ્યો જે થાય છે બતાવે છે**



## પૂર્વેની લેખિત સૂચના

### ઝાંખી

શાળા જિલ્લા તમને ચોક્કસ પગલાં લેવાનું પ્રસ્તાવિત કરે છે અથવા ઇનકાર કરે તે પહેલાં વાજબી સમયની અંદર તમને લેખિત નોટિસ (અગાઉ લેખિત નોટિસ કહેવાય છે) આપવી આવશ્યક છે. આ ક્રિયાઓમાં તમારા બાળકની ઓળખ, મૂલ્યાંકન અથવા શિક્ષણ નિયુક્તિ જિલ્લાનો પ્રારંભ અથવા બદલાવનો અથવા તમારા બાળકને મફત યોગ્ય જાહેર શિક્ષણની જોગવાઈનો સમાવેશ થાય છે. અગાઉની લેખિત સૂચના જરૂરી વિશેષ શિક્ષણ ફોર્મ છે.

### અગાઉ લેખિત સૂચનાની વિષયવસ્તુ

અગાઉની લેખિત સૂચના તમને ભાગ લેવા માટે પરવાનગી આપવા માટે પૂરતી વિગત આપવી જોઈએ જેથી તમે તમારા બાળકની શૈક્ષણિક સેવાઓના નિર્ણયોમાં જાણકાર રીતે ભાગ લઈ શકો. ખાસ કરીને, અગાઉની લેખિત સૂચનામાં ચોક્કસ વિષયવસ્તુઓ શામેલ હોવા જોઈએ, જેમ કે આ પૃષ્ઠ પરના બોક્સમાં દર્શાવેલ છે.

### સમજી શકાય તેવી ભાષામાં અગાઉની લેખિત સૂચના

અગાઉની લેખિત સૂચના સામાન્ય ભાષામાં સમજી શકાય તેવી ભાષામાં આપવી આવશ્યક છે અને તે તમારી મૂળ ભાષા અથવા સંદેશાવ્યવહારના અન્ય પદ્ધતિમાં પણ લખવું આવશ્યક છે જ્યાં સુધી તે સ્પષ્ટપણે વ્યવહારુ ન હોય.

જો માતાપિતાની મૂળ ભાષા અથવા સંદેશાવ્યવહારની અન્ય પદ્ધતિ લેખિત ભાષા ***નથી***, તો જિલ્લાએ અગાઉની લેખિત સૂચનાનું મૌખિક ભાષાંતર કરવા માટે પગલાં લેવાની જરૂર છે, અથવા અન્ય સમજી શકાય તેવી રીતે, માતાપિતાની મૂળ ભાષામાં અથવા સંદેશાવ્યવહારની અન્ય રીતો થી. જિલ્લાની જરૂર પડશે ખાતરી કરવા માટે કે તે લેખિતમાં બતાવી શકે છે કે અગાઉની લેખિત સૂચનાનો યોગ્ય રીતે અનુવાદ કરવામાં આવ્યો હતો અને માતાપિતા તેની વિષયવસ્તુ સમજી ગયા હતા.

**અગાઉની લેખિત સૂચનામાં શામેલ હોવું જોઈએ:**

- જિલ્લા દ્વારા પ્રસ્તાવિત અથવા નકારવામાં આવેલી ક્રિયાનું વર્ણન;
- જિલ્લો શા માટે કાર્યવાહી કરવાની પ્રસ્તાવિત કરે છે અથવા ઇનકાર કરે છે તેની સમજૂતી;
- દરેક મૂલ્યાંકન પ્રક્રિયાનું વર્ણન, આકારણી, રેકોર્ડ અથવા તેનો નિર્ણય લેવા માટે ઉપયોગમાં લેવાતી શાળાની જાણ કરો;
- એક નિવેદન કે માતાપિતાને IDEA ની પ્રક્રિયાગત સલામતીઓ હેઠળ રક્ષણ મળે છે, અને જો નોટિસ મૂલ્યાંકન માટે પ્રારંભિક રેફરલ ન હોય તો, માધ્યમ કે જેના દ્વારા માતાપિતા પ્રક્રિયાગત સલામતીનું વર્ણન મેળવી શકે છે;
- IDEA ની જરૂરિયાતોને સમજવામાં સહાય માટે માતાપિતાનો સંપર્ક કરવા માટેના સ્ત્રોતો;
- IEP ટીમે ધ્યાનમાં લીધેલા અન્ય વિકલ્પોનું વર્ણન અને તે વિકલ્પો કેમ નકારવામાં આવ્યા તેના કારણો;
- જિલ્લાના પ્રસ્તાવ અથવા ઇનકાર સાથે સંબંધિત અન્ય પરિબળોનું વર્ણન.



# શૈક્ષણિક રેકોર્ડ્સ

## રેકોર્ડ્સની સુલભતા

કૌટુંબિક શૈક્ષણિક અધિકારો અને ગોપનીયતા અધિનિયમ (Family Educational Rights and Privacy Act, FERPA) એક સંઘીય કાયદો છે જે માતા-પિતાને તેમના બાળકોના શિક્ષણ રેકોર્ડનું નિરીક્ષણ અને સમીક્ષા કરવાના ચોક્કસ અધિકારો આપે છે. જ્યારે વિદ્યાર્થી 18 વર્ષનો થાય અથવા પોસ્ટ સેકન્ડરી શાળામાં જવાનું શરૂ કરે (દા.ત., કોલેજ અથવા યુનિવર્સિટી), જે પણ પહેલા થાય ત્યારે FERPA હેઠળના અધિકારો માતા-પિતા પાસેથી વિદ્યાર્થીને તબદીલ થાય છે .

### શિક્ષણ રેકોર્ડ શું છે?

વિદ્યાર્થી વિશેની અમુક માહિતી FERPA દ્વારા રક્ષાયેલી છે કે કેમ તે બાબત તે શિક્ષણ રેકોર્ડના અર્થમાં બંધબેસે છે કે નહીં તેના પર નિર્ભર કરે છે. FERPA શિક્ષણ રેકોર્ડને આ રીતે વ્યાખ્યાયિત કરે છે:

1. રેકોર્ડ્સ જે એક ચોક્કસ વિદ્યાર્થી સાથે પ્રત્યક્ષ રીતે સંબંધિત છે. કેટલીકવાર શાળાઓ આને વ્યક્તિગત રૂપે ઓળખી શકાય તેવી માહિતી કહે છે; અને
2. એવા રેકોર્ડ કે જે એક શિક્ષણ એજન્સી અથવા સંસ્થા (ઉદાહરણ તરીકે, તમારા શાળા ડિસ્ટ્રિક્ટ) અથવા તે એજન્સી માટે કામ કરતી પાર્ટી (પક્ષકાર) દ્વારા રાખવામાં આવે છે.

### રેકોર્ડ્સની જાળવણી અને ગોપનીયતા

શિક્ષણ રેકોર્ડ ઘણી રીતે જાળવી શકાય છે. કેટલાક ઉદાહરણો છે:

- હસ્તલિખિત;
- પ્રિન્ટ;
- કમ્પ્યુટર;
- વિડીયો અથવા ઑડીઓ ટેપ; અથવા
- ફિલ્મ, માઇક્રોફિલ્મ અથવા માઇક્રોફિશ.

વિદ્યાર્થી રેકોર્ડ ગોપનીય છે, એટલે કે તે *ખાનગી*છે. શાળા ડિસ્ટ્રિક્ટ અથવા એજન્સી જ્યારે તમારા બાળકના રેકોર્ડ્સ એકત્રિત, સંગ્રહિત, પ્રકાશિત અથવા નાશ કરે છે ત્યારે તેની ગોપનીયતાનું રક્ષણ કરવું આવશ્યક છે.

### તમારા બાળકના રેકોર્ડ્સની સમીક્ષા

શાળા ડિસ્ટ્રિક્ટે તમને બિનજરૂરી વિલંબ કર્યા વગર અને કોઈપણ IEP ટીમની મીટિંગ અથવા તમે સામેલ હોય તેવી કોઈપણ ચાલુ નિયત પ્રક્રિયા પહેલાં તમારા બાળકના શિક્ષણ રેકોર્ડની સમીક્ષા કરવાની મંજૂરી આપવી જોઈએ. તમને રેકોર્ડ જોવાની મંજૂરી આપવા માટે, ડિસ્ટ્રિક્ટ તમારી વિનંતીની તારીખથી 45 દિવસથી વધુ વિલંબ કરી શકે નહીં.

તમને રેકોર્ડમાં માત્ર *તમારા* બાળક વિશેની માહિતીની સમીક્ષા કરવાનો અધિકાર છે. તમને તમારા બાળકના રેકોર્ડની સમજૂતી માટે શાળાને પૂછવાનો અધિકાર છે. તમને કોઈ વ્યક્તિ, જે તમારા વતી કાર્ય કરતી હોય, રેકોર્ડ્સની તપાસ કરે (જેમ કે મિત્ર અથવા વકીલ) તેને સાથે રાખવાનો અધિકાર છે.

ડિસ્ટ્રિક્ટ તમને તમારા બાળકના રેકોર્ડની નકલો આપી શકે છે; જોકે તેમ કરવામાં નિષ્ફળતા તમને રેકોર્ડની સમીક્ષા કરવાના તમારા અધિકારનો ઉપયોગ કરવાથી અટકાવે તેમ હોય, તો ડિસ્ટ્રિક્ટે તમને નકલો *આપવી* જ રહી. તમારા ખર્ચે રેકોર્ડની નકલો મેળવવાનો અધિકાર તમારી પાસે હંમેશા હોય છે.

**વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી માહિતી શામેલ છે:**

- તમારા બાળકનું નામ;
- કુટુંબના સભ્યનું નામ;
- તમારા બાળકનું સરનામું અથવા કુટુંબનું સરનામું;
- વ્યક્તિગત ઓળખ, જેમ કે તમારા બાળકનો સામાજિક સુરક્ષા નંબર, વિદ્યાર્થી નંબર અથવા બાયોમેટ્રિક રેકોર્ડ;
- તમારા બાળકને ઓળખવાની અન્ય પરોક્ષ રીતો, જેમ કે જન્મ તારીખ, જન્મ સ્થળ, માતાનું પ્રથમ નામ, જાતિ અથવા વંશીયતા;
- અન્ય માહિતી જે, એકલા અથવા સંયોજનમાં, ચોક્કસ વિદ્યાર્થી સાથે જોડાયેલી કે લિંક કરી શકાય તેવી છે જે શાળા સમુદાયમાં વાજબી વ્યક્તિને પરવાનગી આપશે,

  જેની પાસે સંબંધિત સંજોગોની વ્યક્તિગત જાણ નથી, વિદ્યાર્થીને વાજબી નિશ્ચિતતા સાથે ઓળખવા માટે;
- એવી વ્યક્તિ દ્વારા વિનંતી કરવામાં આવેલી માહિતી કે જેને તમારા બાળકની ઓળખનું જાણ હોવાનું શાળા માને છે; અથવા
- FERPA દ્વારા વ્યાખ્યાયિત અન્ય ઉદાહરણો.



## શિક્ષણ રેકોર્ડમાં ફેરફાર

તમારા બાળકના શિક્ષણ રેકોર્ડમાં ખોટી અથવા ગેરમાર્ગે દોરતી માહિતી બદલવા માટે શાળા ડિસ્ટ્રિક્ટને કહેવાનો તમને અધિકાર છે. તમારા બાળકની શાળાએ તમારી વિનંતી અનુસાર શિક્ષણ રેકોર્ડ બદલવાની જરૂર નથી (ફક્ત એટલા માટે કે તમે કહો છો), પરંતુ શાળાએ તમારી વિનંતીને *ધ્યાનમાં લેવી* આવશ્યક છે. જો શાળાએ તમારા બાળકના રેકોર્ડને તમારા કહ્યા મુજબ ન બદલવાનું નક્કી કર્યું હોય, તો શાળાએ તમને જણાવવું અનિવાર્ય છે કે તમને આ બાબત વિશે વાત કરવા માટે સુનાવણીનો અધિકાર છે.

સુનાવણી પછી, જો શાળા હજુ પણ શિક્ષણ રેકોર્ડમાં ફેરફાર ન કરવાનું નક્કી કરે છે, તો તમને તમારા બાળકના રેકોર્ડમાં આ બાબતે તમારું નિવેદન સામેલ કરવાનો અધિકાર છે. આ નિવેદન તમારા બાળકના રેકોર્ડનો એક ભાગ જ રહેવું જોઈએ. તમારા બાળકના રેકોર્ડમાં સામેલ કરવા માટે નિવેદન લખવાનો વિકલ્પ માત્ર ત્યારે જ અસ્તિત્વમાં છે *જો રેકોર્ડમાં ખોટી માહિતી હોય*. તમે તમારા બાળકને મળેલ ગ્રેડ, કોઈ વ્યક્તિનો અભિપ્રાય અથવા શાળા દ્વારા તમારા બાળક વિશે લેવાયેલા મૂળભૂત નિર્ણયને પડકારવા માટે આવા નિવેદનનો ઉપયોગ કરી શકતા નથી.

## શિક્ષણ રેકોર્ડ્સ શેર કરવા

સામાન્ય રીતે, જો શાળા ડિસ્ટ્રિક્ટ તમારા બાળકની ઓળખ કરી શકે તેવા શિક્ષણ રેકોર્ડ્સ તમારા સિવાય અન્ય કોઈ સાથે શેર કરવા માંગતા હોય તો લેખિતમાં તમારી પરવાનગી મેળવવી આવશ્યક છે. જો કે, કેટલાક કિસ્સાઓ છે જ્યારે તમારી પરવાનગીની જરૂર નથી. જ્યારે ડિસ્ટ્રિક્ટને રેકોર્ડ્સ શેર કરવા માટે તમારી લેખિત પરવાનગી મેળવવાની જરૂર *નથી* પડતી તે વિશે વધુ જાણવા માટે, યુ.એસ. શિક્ષણ વિભાગની વેબસાઇટ www.ed.govપર માતા-પિતા માટે FERPA સામાન્ય માર્ગદર્શનજુઓ.



# વિવાદ નિરાકરણ

## વિવાદ નિરાકરણ પ્રક્રિયા

જો તમે તમારા વિકલાંગતા વાળા બાળકના શિક્ષણ વિશે ચિંતિત છો, તો પ્રથમ પગલું તમારા શાળા ડિસ્ટ્રિક્ટ સાથે કામ કરવાનું છે. શરૂ કરવા માટે, તમારા વિદ્યાર્થીના શિક્ષક અથવા તમારા ડિસ્ટ્રિક્ટના વિશેષ શિક્ષણ નિયામકનો સંપર્ક કરો. તમે શું વિચારી રહ્યા છો તે વ્યક્તિને કહો. જો તમે અને ડિસ્ટ્રિક્ટ તમારી ચિંતા અંગે સહમત ન હોવ, તો સમસ્યાને ઉકેલવા માટે તમે સાથે મળીને કામ કરી શકો તેવી રીતો છે.

આ પ્રક્રિયાઓના ઔપચારિક નામો છે જે તમારા શાળા ડિસ્ટ્રિક્ટ ઉપયોગ કરી શકે છે, પરંતુ આ માર્ગદર્શિકા તમને તે નામોનો અર્થ શું છે અને તમે અને શાળા તમારા બાળકને કેવી રીતે મદદ કરી શકે તે સમજવામાં મદદ કરશે. નીચેનો વિભાગ આ પ્રક્રિયાઓ અથવા પદ્ધતિઓનું વર્ણન કરે છે જેનો ઉપયોગ તમે તમારા ડિસ્ટ્રિક્ટ સાથે કામ કરવા માટે કરી શકો છો.

### વહીવટી સમીક્ષા

જો તમે તમારા વિકલાંગતા વાળા બાળકના શિક્ષણને લગતા તમારા શાળા ડિસ્ટ્રિક્ટના નિર્ણય સાથે અસંમત છો, તો તમે ડિસ્ટ્રિક્ટ વહીવટીતંત્રને ફરિયાદ સુપ્રત કરી શકો છો. જવાબમાં, તમારા ડિસ્ટ્રિક્ટ સુપ્રિન્ટેન્ડન્ટ (અથવા નામિત) એક વહીવટી સમીક્ષા કરશે. આ સમીક્ષામાં વહીવટી સુનાવણી સામેલ હોઈ શકે છે.

સમીક્ષા અને વહીવટી સુનાવણી, જો યોજવામાં આવે, તો તે એક એવા સમયે અને સ્થળે થવી જોઈએ જે તમામ જરૂરી સહભાગીઓ માટે અનુકૂળ હોય. તમે અને ડિસ્ટ્રિક્ટ, બંને અન્ય લોકોને સમીક્ષા અથવા વહીવટી સુનાવણીમાં ભાગ લેવા આમંત્રણ આપી શકો છો. ઉદાહરણ તરીકે, તમે પરિવારના અન્ય સભ્યો અથવા મિત્ર, વિશેષ શિક્ષણ વિશે જાણકાર વ્યક્તિ અથવા વકીલને આમંત્રિત કરી શકો છો. જો તમારું બાળક કાઉન્ટી વિકાસલક્ષી વિકલાંગતા અંગેના બોર્ડ અથવા અન્ય જાહેર શિક્ષણ એજન્સી દ્વારા સંચાલિત કાર્યક્રમમાં અભ્યાસ કરતું હોય, તો ડિસ્ટ્રિક્ટે વહીવટી સમીક્ષા માટે બોર્ડ અથવા એજન્સી સાથે સંપર્ક કરવો આવશ્યક છે.

પરિસ્થિતિની સમીક્ષા કરતી વખતે, તમારા બાળકના શિક્ષણ અંગેના મતભેદને ઉકેલવા માટે દરેક પ્રયત્નો કરવા જોઈએ. સુપ્રિન્ટેન્ડન્ટ (અથવા નામિત) અસંમતિની બંને બાજુ સાંભળશે અને નિર્ણય લેશે. એકવાર નિર્ણય પર પહોંચ્યા પછી, સુપ્રિન્ટેન્ડન્ટે તમને લેખિતમાં નિર્ણયની જાણ કરવી આવશ્યક છે. તમે તમારી ચિંતા વિશે ડિસ્ટ્રિક્ટને પહેલી વખત સૂચિત કર્યાના 20 દિવસની અંદર આ થવું જોઈએ.

### તમે અજમાવી શકો તે વધારાની પ્રક્રિયાઓ

જો તમે આ પ્રક્રિયા પૂર્ણ કરી છે અને તમે અને શાળા ડિસ્ટ્રિક્ટ હજી પણ સમસ્યાને કેવી રીતે ઉકેલવી તે અંગે સંમત નથી, તો તમે વધુ પ્રક્રિયાઓ અજમાવી શકો છો. અન્ય વિવાદ નિવારણ પ્રક્રિયાઓ પર આગળ વધતા પહેલા તમારે વહીવટી સમીક્ષાની વિનંતી કરવી જરૂરી નથી, છતાં તેમ કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. એવા વધારાના વિકલ્પો છે જેનો ઉપયોગ તમે સમસ્યાને ઉકેલવા માટે કરી શકો છો. અસાધારણ બાળકો માટે ઓહાયો શિક્ષણ વિભાગ કચેરી તમારી સમસ્યાઓને ઉકેલવામાં સહાય માટે વધારાના સાધનો માટે તમારી વિનંતીમાં સામેલ થઈ શકે છે અને તમને મદદ કરી શકે છે. નીચેની સંસ્થાઓ પણ તમને મદદ કરી શકે છે:

- (ફોન #______________________________) પર તમારી સ્થાનિક ડિસ્ટ્રિક્ટ સપોર્ટ ટીમ (પ્રદેશ #__________).
  ડિસ્ટ્રિક્ટ સપોર્ટ ટીમના માતા-પિતા અને કુટુંબ સલાહકાર તમારી સાથે કામ કરશે.
- તમારા સ્થાનિક માતા-પિતા માર્ગદર્શક, જો તમારા શાળા ડિસ્ટ્રિક્ટમાં હોય તો.
  - એક માતા-પિતા માર્ગદર્શક વિકલાંગતા વાળા બાળકના પરિવારો અને શાળાના ડિસ્ટ્રિક્ટ્સને માહિતી અને સહાય પૂરી પાડે છે. માતા-પિતા માર્ગદર્શક એક ડિસ્ટ્રિક્ટ કર્મચારી હોય છે અને વિકલાંગતા વાળા બાળકના માતા-પિતા પણ હોય છે.
  - વધુ માહિતી માટે સંપર્ક કરો ______________________________.
- વિકલાંગતા વાળા બાળકોના શિક્ષણ માટે ઓહાયો ગઠબંધન (Ohio Coalition for the Education of Children with Disabilities , OCECD)
  - OCECD એક રાજ્યવ્યાપી બિનનફા સંસ્થા છે જે ઓહાયોમાં વિકલાંગતા વાળા શિશુઓ, નવું ચાલવા શીખતા બાળક, બાળકો અને યુવાનોના પરિવારો અને તેમને સેવાઓ પૂરી પાડતા શિક્ષકો અને એજન્સીઓની સેવા કરે છે. OCECD ના કાર્યક્રમો માતા-પિતાને તમામ શૈક્ષણિક સેટિંગ્સમાં તેમના બાળકો માટે સુમાહિતગાર અને અસરકારક પ્રતિનિધિ બનવામાં મદદ કરે છે.
  - વધુ માહિતી માટે, OCECD ને (740) 382-5452 પર સંપર્ક કરો અથવા OCECD વેબસાઇટની મુલાકાત લો: www.ocecd.org.

## પ્રારંભિક ફરિયાદ નિવારણ

પ્રારંભિક ફરિયાદ નિરાકરણ એ છે જ્યારે તમે શાળા ડિસ્ટ્રિક્ટ સાથેના તમારા મતભેદોને અનૌપચારિક રીતે અને સામાન્ય રીતે તમે અન્ય વિવાદ નિરાકરણ વિકલ્પોનો ઉપયોગ કરવાનું શરૂ કરો તે પહેલાં સમાધાન કરવાનો પ્રયાસ કરો છો. અસાધારણ બાળકો માટેની ઓહાયો શિક્ષણ વિભાગ કચેરી ખાતેથી કોઈ તમારા બાળકોના શિક્ષણ વિશેના તમારા પ્રશ્નો અને ચિંતાઓનો ઉકેલ લાવવા માટે તમારી સાથે કામ કરશે.

ઓહાયો શિક્ષણ વિભાગ તમે વધુ ઔપચારિક પ્રક્રિયાઓ, જેમ કે લેખિત ફરિયાદો અથવા નિયત પ્રક્રિયા સુનાવણીઓ. માટે પૂછો તે પહેલાં, પ્રારંભિક ફરિયાદ નિરાકરણને પ્રોત્સાહિત કરે છે. તમે તમારા બાળકના શિક્ષણ વિશેના પ્રશ્નો અને ચિંતાઓનો ઉકેલ લાવવામાં મદદ માટે અસાધારણ બાળકો માટેની ઓહાયો શિક્ષણ વિભાગ કચેરી પર તમે કોઈનો સંપર્ક કરી શકો છો. પ્રારંભિક ફરિયાદ નિવારણ વિશે કોઈની સાથે વાત કરવા માટે, કૃપા કરીને વિભાગનો સંપર્ક કરો:

- ટેલિફોન દ્વારા: (614) 466-2650, અથવા (877) 644-6338 પર ટોલ ફ્રી; અથવા
- ઈમેઈલ દ્વારા: exceptionalchildren@education.ohio.gov.

## સુવિધા

જો તમે તમારા બાળકના વિશેષ શિક્ષણ માટે મૂલ્યાંકન અથવા પુનઃમૂલ્યાંકન વિશે અથવા તમારા બાળકના વ્યક્તિગત શિક્ષણ કાર્યક્રમ (IEP) વિશે ચિંતિત હોવ તો, સુવિધા નામનો વિકલ્પ તમારા માટે કામ કરી શકે છે.

સુવિધા એ છે જ્યારે તમે વિભાગને તમારા બાળકના મૂલ્યાંકન અથવા IEP ટીમની બેઠકમાં હાજરી આપવા માટે એક ફેસિલિટેર (સગવડકર્તા)ની વ્યવસ્થા કરવા માટે કહો (તમે પણ આ ટીમના સભ્ય છો). શાળા ડિસ્ટ્રિક્ટ પણ તમારા બાળકના વિશેષ શિક્ષણ સાથે સંકળાયેલી આ બેઠકોમાં

એક ફેસિલિટેટર માટે વિભાગને વિનંતી કરી શકે છે. તમે અને ડિસ્ટ્રિટ બંનેએ બેઠકમાં ફેસિલિટેટર્ના હાજર રહેવા અંગે સંમત થવું આવશ્યક છે.

### સુવિધાનો હેતુ

સુવિધા એક ટીમ બેઠકમાં થાય છે, જેમ કે વ્યક્તિગત શિક્ષણ કાર્યક્રમ ટીમ બેઠક, મૂલ્યાંકન આયોજન બેઠક અથવા મૂલ્યાંકન ટીમ બેઠક. ફેસિલિટેટર એક તટસ્થ, તૃતીય પક્ષ છે જે ટીમનો સભ્ય નથી અને ટીમ માટે નિર્ણયો લેતો નથી. ફેસિલિટેટર રાખવાથી ટીમને ઉત્પાદક બનવામાં અને વિદ્યાર્થી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ મળે છે. ફેસિલિટેટસ વ્યાવસાયિક મધ્યસ્થીઓ છે જેમને વિશેષ શિક્ષણ પ્રક્રિયાઓમાં અસાધારણ બાળકો માટેની કચેરી દ્વારા તાલીમ આપવામાં આવી હોય છે.

તમે કોઈપણ સમયે સુવિધાની વિનંતી કરી શકો છો. એકવાર તમે આવી વિનંતી કરો, પછી તમે અને શાળા ડિસ્ટ્રિક્ટ, બંનેએ ભાગ લેવા માટે સંમત થવું જોઈએ. જો તમે બંને સંમત થાઓ, તો અસાધારણ બાળકો માટેની કચેરી તમને બેઠકનું નિર્દેશન કરવા માટે એક ફેસિલિટેટરની પસંદગી આપશે. જો તમે અને ડિસ્ટ્રિક્ટ ફેસિલિટેટર અંગે સહમત ન થઈ શકો, તો કચેરી તમારા માટે ફાળવણી કરશે સુવિધા માટે તમને અથવા ડિસ્ટ્રિક્ટને કોઈ ખર્ચ નથી.

**ફેસિલિટેટર:**

- તટસ્થ તૃતીય-પક્ષ રહે છે (તમારા અથવા ડિસ્ટ્રિક્ટની તરફેણ લેતા નથી અથવા તેમને માટે કામ કરતા નથી);
- તે વ્યાવસાયિક રીતે પ્રશિક્ષિત *મધ્યસ્થી* (એક પાત્ર વ્યક્તિ જે વિવાદો ઉકેલવામાં મદદ કરે) છે;
- વિશેષ શિક્ષણ કાયદાઓ અને જરૂરિયાતો અંગે તાલીમબદ્ધ હોય છે અને તેમની જરૂરિયાતો વિશે જાણતા હોય છે;
- તમારા બાળકની IEP અથવા મૂલ્યાંકન ટીમનો ભાગ નથી;
- નિર્ણયો લેતા નથી, પરંતુ ટીમને ઉકેલ શોધવા માટે માર્ગદર્શન આપે છે;
- તમારા અને ડિસ્ટ્રિક્ટ વચ્ચે વાતચીત શરુ કરવામાં મદદ કરે છે;
- બેઠકને માર્ગ પર રાખે છે અને દરેકને પ્રક્રિયા પ્રત્યે આદર રાખવામાં મદદ કરે છે; અને
- ટીમને તમારા બાળક અને તમારા બાળકની જરૂરિયાતો પર કેન્દ્રિત રાખે છે.



**સુવિધા વિશે યાદ રાખવા માટેના મુખ્ય મુદ્દાઓ:**

- સુવિધા સ્વૈચ્છિક છે.
    - — માતા-પિતા અને શાળા ડિસ્ટ્રિક્ટ બંનેએ પ્રક્રિયાનો ભાગ બનવા માટે સંમત થવું આવશ્યક છે. જો માતા-પિતા અને ડિસ્ટ્રિક્ટ બેઠકમાં ફેસિલિટેટર રાખવા માટે સંમત થાય, તો તેનો અર્થ એ નથી કે તમારે બેઠકમાં ડિસ્ટ્રિક્ટ સાથે સંમત થવું પડશે અથવા બેઠકનું પરિણામ જેવું આવે તેની સાથે સંમત થવું પડશે. માતા-પિતાને હંમેશા તેમના પોતાના મંતવ્યો રાખવાની છૂટ છે.
- સુવિધા બેઠક દરમિયાન સધાયેલ સંમતિ સામાન્ય રીતે બંધનકર્તા હોય છે. આનો અર્થ એ છે કે માતા-પિતા અને શાળા ડિસ્ટ્રિક્ટ બંનેએ પરસ્પર નિર્ણય લીધા પછી સંમતિનું પાલન કરવું પડશે.
    - — તમારા બાળકના મૂલ્યાંકન વિશેનો કોઈપણ દસ્તાવેજ અથવા IEP કે જેના પર માતા-પિતા અને ડિસ્ટ્રિક્ટ હસ્તાક્ષર કરે છે તે એજ મહત્વ ધરાવે છે જે દસ્તાવેજો તેઓ અન્ય IEP અથવા મૂલ્યાંકન ટીમની બેઠકમાં હસ્તાક્ષર કરે છે.

સુવિધા વિશે વધુ માહિતી માટે, ઓહાયો શિક્ષણ વિભાગની વેબસાઇટની મુલાકાત લો: education.ohio.gov અને ***સુવિધા શોધો.***

### સુવિધાની વિનંતી કરવા માટે

ડિસ્ટ્રિક્ટ આ પ્રક્રિયામાં ભાગ લેવા તૈયાર છે કે નહીં તે જોવા માટે તમારા શાળા ડિસ્ટ્રિક્ટના વિશેષ શિક્ષણ નિયામકનો સંપર્ક,

______________________________ અહીં કરો______________________________. એકવાર બંને પક્ષો સુવિધામાં

ભાગ લેવા માટે સંમત થઈ જાય, તો કૃપા કરીને અસાધારણ બાળકો માટેની ઓહાયો શિક્ષણ વિભાગની કચેરીનો સંપર્ક કરો:

- ટેલિફોન દ્વારા: (614) 466-2650, અથવા (877) 644-6338 પર ટોલ ફ્રી; અથવા
- ઇમેઇલ દ્વારા: exceptionalchildren@education.ohio.gov.

## મધ્યસ્થી

જ્યારે માતાપિતા અને શાળા ડિસ્ટ્રિક્ટ એક તટસ્થ, તૃતીય-પક્ષ વ્યાવસાયિક કે જે વિકલાંગતા વાળા વિદ્યાર્થી અથવા વિકલાંગતા વાળા હોવાની *શંકા હોય* તેવા વિદ્યાર્થીના શિક્ષણ વિશે સંમતિ સાધવામાં મદદ કરવા માટે બેઠકમાં આવે છે તેને મધ્યસ્થી કહેવાય છે. તૃતીય-પક્ષનો અર્થ છે કે આ વ્યક્તિ, જેને મધ્યસ્થી પણ કહેવામાં આવે છે, તે પક્ષ લેતી નથી અને માતાપિતા અથવા ડિસ્ટ્રિક્ટ વતી કામ કરતી નથી અથવા તેમનું કાર્ય કરતી નથી. તમારા બાળકના વિશેષ શિક્ષણ સાથે સંકળાયેલ મતભેદ હોય ત્યારે મધ્યસ્થી એ માતા-પિતા અને ડિસ્ટ્રિક્ટ્સ માટે કોઈપણ સમયે એક પસંદગી છે.



### મધ્યસ્થી મફત છે અને કોઈપણ સમયે વિનંતી કરી શકાય છે

કોઈપણ સમયે મધ્યસ્થીની વિનંતી કરી શકાય છે. એકવાર મધ્યસ્થીની વિનંતી કરવામાં આવે તે પછી, તમારે અને શાળા ડિસ્ટ્રિક્ટ, બંનેએ પ્રક્રિયામાં ભાગ લેવા માટે સંમત થવું જોઈએ. જો તમે બંને ભાગ લેવા માટે સંમત થાઓ છો, તો અસાધારણ બાળકો માટેની કચેરી તમને મધ્યસ્થીની બેઠકનું નિર્દેશન કરવા માટે મધ્યસ્થીની પસંદગી આપશે. જો તમે અને ડિસ્ટ્રિક્ટ મધ્યસ્થી અંગે સંમત થવામાં અસમર્થ રહો, તો OEC તમારા માટે ફાળવણી કરશે. તમારા બાળકના વિશેષ શિક્ષણને લગતી સમસ્યાનો ઉકેલ તમારે કેવી રીતે લાવવો જોઈએ તે મધ્યસ્થી તમને કહી શકે નહીં. તેના બદલે, મધ્યસ્થી બંને પક્ષોને તમારા બાળકને લગતી ચિંતાઓ પર ચર્ચા કરવામાં અને ઉકેલ શોધવામાં મદદ કરે છે.

જો તમે ઔપચારિક ફરિયાદ કરવાનું નક્કી કરો અથવા નિયત પ્રક્રિયા સુનાવણી માટે કહો (પૃષ્ઠ 17-25 જુઓ), ઓહાયો શિક્ષણ વિભાગ તમને પ્રથમ પગલાં તરીકે મધ્યસ્થી વિશે વિચારવાનું કહેશે. મધ્યસ્થી માટે તમને અથવા ડિસ્ટ્રિક્ટને કોઈ ખર્ચ નથી.

## મધ્યસ્થી પ્રક્રિયાની ઝાંખી

**માટે વિનંતી મધ્યસ્થી**

તમે અથવા શાળા ડિસ્ટ્રિક્ટ કોઈપણ સમયે મધ્યસ્થતા માટે ઓહાયો શિક્ષણ વિભાગને કહી શકો છો. જો તમે ફરિયાદ દાખલ કરો અથવા નિયત પ્રક્રિયાની સુનાવણી માટે કહો, તો વિભાગ પ્રથમ પગલા તરીકે મધ્યસ્થીની રજૂઆત કરશે. તમારે અને ડિસ્ટ્રિક્ટ, બંનેએ મધ્યસ્થીનો ઉપયોગ કરવા માટે સંમત થવું જોઈએ.

**મધ્યસ્થી પસંદ કરો અને બેઠકનું શેડ્યુલ કરો**

મધ્યસ્થી એક તટસ્થ તૃતીય-પક્ષ છે. તમારે અને શાળા ડિસ્ટ્રિક્ટે મધ્યસ્થી પર સંમત થવું આવશ્યક છે. મધ્યસ્થી શક્ય તેટલી વહેલી તકે બેઠકનું આયોજન કરશે. વિભાગ મધ્યસ્થી માટે ચૂકવણી કરે છે.

**મધ્યસ્થી બેઠક**

તમે અને શાળા ડિસ્ટ્રિક્ટ, બંને તમારી ચિંતા રજૂ કરો. મધ્યસ્થી તમને વિવાદ ઉકેલવામાં અને અંતિમ, લેખિત સંમતિ સાધવામાં મદદ કરે છે. સામાન્ય રીતે, મધ્યસ્થી દરમિયાન જે કંઈ કહેવામાં આવે છે તે બેઠકની બહાર શેર કરી શકાતું નથી અથવા ભવિષ્યની કાનૂની કાર્યવાહીમાં ઉપયોગ કરી શકાતું નથી, સિવાય કે અપવાદ લાગુ પડે.

**સંમતિ સધાઇ છે**

લેખિત સંમતિ બંધનકર્તા છે અને માતા-પિતા અને શાળા ડિસ્ટ્રિક્ટ બંને તેના પર સહી કરે છે. બંધનકર્તાનો અર્થ એ છે કે માતા-પિતા અને શાળાએ સંમતિનું પાલન કરવું આવશ્યક છે અને કોર્ટ તેને લાગુ કરી શકે છે.

**સંમતિ સધાઇ નથી**

જો મધ્યસ્થીમાં કોઈ સંમતિ ન સધાઇ હોય, અને તમે રાજ્ય સ્તરે ફરિયાદ દાખલ કરી હોય, પછી અસાધારણ બાળકો માટેની કચેરી ફરિયાદનું નિરાકરણ કરશે. જો મધ્યસ્થીમાં કોઇ સંમતિ ન સધાઇ હોય અને તમે નિયત પ્રક્રિયા માટે અરજી કરી હોય, તો પછી નિયત પ્રક્રિયાની સુનાવણી આગળ આવે છે.



**મધ્યસ્થી:**

- તટસ્થ તૃતીય-પક્ષ રહે છે (તમારા અથવા ડિસ્ટ્રિક્ટની તરફેણ લેતા નથી અથવા તેમને માટે કામ કરતા નથી);
- તેમને નિર્ણય લેવાની મંજૂરી નથી. તેના બદલે, મધ્યસ્થી તમને અને સ્કૂલ ડિસ્ટ્રિક્ટને તમારા બાળકના શિક્ષણને લગતી સમસ્યા ઉકેલવામાં મદદ કરે છે;
- લેખિત મધ્યસ્થી સંમતિ નક્કી કરવા માટે તમારી અને શાળા ડિસ્ટ્રિક્ટ સાથે કામ કરે છે;
- મધ્યસ્થીની બેઠકને માર્ગ પર રાખે છે અને દરેકને પ્રક્રિયા પ્રત્યે આદર રાખવામાં મદદ કરે છે;
- દરેકને વિદ્યાર્થી અને વિદ્યાર્થીની જરૂરિયાતો પર કેન્દ્રિત રાખે છે;
- તમારા અને શાળા ડિસ્ટ્રિક્ટ વચ્ચે વાતચીત શરુ કરવામાં મદદ કરે છે.

## મધ્યસ્થી વિશે યાદ રાખવા માટેના મુખ્ય મુદ્દાઓ

- **મધ્યસ્થી સ્વૈચ્છિક છે.**
  - માતા-પિતા અને શાળા ડિસ્ટ્રિક્ટ બંનેએ પ્રક્રિયાનો ભાગ બનવા માટે સંમત થવું આવશ્યક છે. જો માતા-પિતા અને ડિસ્ટ્રિક્ટ મધ્યસ્થીમાં ભાગ લેવા માટે સંમત થાય, તો તેનો અર્થ એ નથી કે તમારે બેઠકમાં ડિસ્ટ્રિક્ટ સાથે સંમત થવું પડશે અથવા બેઠકનું જે પરિણામ આવે તેની સાથે સંમત થવું પડશે.
- **મધ્યસ્થી ગોપનીય છે.**
  - મધ્યસ્થીની બેઠકમાં કહેલી દરેક બાબત સામાન્ય રીતે ગોપનીય (ખાનગી) રહે છે અને બાદમાં તેનો ઉપયોગ કરી શકાતો નથી, સિવાય કે અપવાદ લાગુ પડે.
- **મધ્યસ્થી દરમિયાન સાધવામાં આવેલ કોઈપણ લેખિત સંમતિ સામાન્ય રીતે બંધનકર્તા હોય છે. આનો અર્થ એ છે કે માતા-પિતા અને શાળા ડિસ્ટ્રિક્ટ બંનેએ પરસ્પર નિર્ણય લીધા પછી લેખિત સંમતિનું પાલન કરવું પડશે.**
  - તમારા બાળકના મૂલ્યાંકન વિશેનો કોઈપણ દસ્તાવેજ અથવા IEP કે જેના પર માતા-પિતા અને ડિસ્ટ્રિક્ટ હસ્તાક્ષર કરે છે તે એજ મહત્વ ધરાવે છે જે દસ્તાવેજો તેઓ અન્ય IEP અથવા મૂલ્યાંકન ટીમની બેઠકમાં હસ્તાક્ષર કરે છે.

### મધ્યસ્થીની વિનંતી કરવા માટે

ડિસ્ટ્રિક્ટ આ પ્રક્રિયામાં ભાગ લેવા તૈયાર છે કે નહીં તે જોવા માટે તમારા શાળા ડિસ્ટ્રિક્ટના વિશેષ શિક્ષણ નિયામકનો સંપર્ક,

________________________________ અહીં કરો________________________________. એકવાર બંને પક્ષો મધ્યસ્થીમાં ભાગ લેવા સંમત થાય, તો કૃપા કરીને અસાધારણ બાળકો માટે ઓહાયો શિક્ષણ વિભાગની કચેરીનો સંપર્ક કરો:

- ટેલિફોન દ્વારા: (614) 466-2650, અથવા (877) 644-6338 પર ટોલ ફ્રી; અથવા
- ઈમેઇલ દ્વારા: exceptionalchildren@education.ohio.gov.



## રાજ્ય સ્તરે ફરિયાદ દાખલ કરવી

તમારા માટે ઉપલબ્ધ અન્ય વિકલ્પ, જો તમને તમારા બાળકના વિશેષ શિક્ષણ વિશે ચિંતા હોય, તો શાળા ડિસ્ટ્રિક્ટ અથવા અન્ય જાહેર એજન્સી સામે રાજ્ય સ્તરે લેખિતમાં, ઔપચારિક ફરિયાદ કરવી અને આ ફરિયાદ અસાધારણ બાળકો માટે ઓહાયો શિક્ષણ વિભાગની કચેરીમાં સબમિટ કરવી.

### રાજ્ય સ્તરે ફરિયાદ નોંધાવવા માટે કોઈ ખર્ચ નથી

રાજ્ય સ્તરે ફરિયાદ નોંધાવવા માટે કોઈ ખર્ચ નથી. રાજ્ય સ્તરે ફરિયાદ પ્રક્રિયા સામાન્ય રીતે નિયત પ્રક્રિયા સુનાવણી કરતાં સમસ્યાનું ઝડપથી નિરાકરણ લાવે છે અને નિયત પ્રક્રિયા સુનાવણી કરતાં ઓછી પુરાવા આધારિત (અથવા સામસામે લાવનારી) છે. રાજ્ય સ્તરે ફરિયાદ દાખલ કરવા માટે, તમારે તમારી સહી કરેલ, લેખિત ફરિયાદ (મૂળ આવૃત્તિ) અસાધારણ બાળકો માટેની કચેરીમાં મોકલવી આવશ્યક છે, અને તમારે ફરિયાદની *એક નકલ* સીધી શાળા ડિસ્ટ્રિક્ટને મોકલવી આવશ્યક છે.

તમારી ફરિયાદમાં સંઘીય અથવા રાજ્યની વિશેષ શિક્ષણ જરૂરિયાતોના કથિત ઉલ્લંઘનનું નિવેદન શામેલ હોવું જોઈએ (વિકલાંગતા વાળા વ્યક્તિઓ શિક્ષણ અધિનિયમના કથિત ઉલ્લંઘન અથવા વિકલાંગતા વાળા બાળકોના શિક્ષણ માટે ઓહાયો ઑપરેટિંગ સ્ટાન્ડર્ડ્સ). ફરિયાદમાં કોઈ ચોક્કસ કાયદાનું નામ અથવા ટાંચણ સામેલ કરવાની જરૂર નથી, પરંતુ તેમાં ડિસ્ટ્રિક્ટ દ્વારા કરાયેલી કોઈ ચોક્કસ કાર્યવાહી અથવા નિષ્ક્રિયતા દર્શાવવાની જરૂર છે જે વિશેષ શિક્ષણ જરૂરિયાતોનું ઉલ્લંઘન કરતું હોવાનું તમે માનતા હોવ. ઉપરાંત, તમારે તમારા ડિસ્ટ્રિક્ટે વિશેષ શિક્ષણની જરૂરિયાતનું ઉલ્લંઘન કર્યું છે એવું શા માટે લાગે છે તેને સમર્થન આપવા માટે તમારે ફરિયાદમાં હકીકતો સામેલ કરવી આવશ્યક છે.

### રાજ્ય સ્તરે ફરિયાદ સમીક્ષા

અસાધારણ બાળકો માટેની કચેરી સમીક્ષા કરશે અને, જો જરૂરી હોય તો, યોગ્ય રીતે નોંધાયેલી ફરિયાદની તપાસ કરશે અને નક્કી કરશે કે શાળા ડિસ્ટ્રિક્ટે તમારા બાળકના શિક્ષણને લગતી વિશેષ શિક્ષણની જરૂરિયાતનું ઉલ્લંઘન કર્યું છે કે નહીં. ઉપરાંત, તૃતીય પક્ષ - એટલે કે, તમારા સિવાયની કોઈ વ્યક્તિ, અથવા શાળા ડિસ્ટ્રિક્ટ સિવાયની કોઈ એજન્સી અથવા સંસ્થા, જો તે માનતા હોય કે ડિસ્ટ્રિક્ટે કોઈ વિદ્યાર્થી સાથે સંકળાયેલી વિશેષ શિક્ષણ જરૂરિયાતનું ઉલ્લંઘન કર્યું છે - તે વિભાગ સમક્ષ રાજ્ય સ્તરે ફરિયાદ નોંધાવી શકે છે.

કથિત વિશેષ શિક્ષણ ઉલ્લંઘનના *એક વર્ષ*ની અંદર કોઈપણ સમયે વિભાગમાં રાજ્ય ફરિયાદ દાખલ કરી શકાય છે. કોઈ ફરિયાદ કે જે એવા ઉલ્લંઘનનો આરોપ લગાવે છે જે ફરિયાદ દાખલ કર્યાની તારીખથી એક વર્ષ કરતાં વધુ સમય પહેલાં થયું હોય, તેની તપાસ/નિરાકરણ કરવામાં આવશે નહીં.

### રાજ્ય સ્તરે ઔપચારિક ફરિયાદ કેવી રીતે કરવી

જો તમે વિશેષ શિક્ષણ સંબંધિત રાજ્ય સ્તરે ઔપચારિક ફરિયાદ કરવા માંગતા હો, તો તમારે આમ કરવું આવશ્યક છે:

- રાજ્ય ફરિયાદ ફોર્મ પૂર્ણ કરો અને તેને અસાધારણ બાળકો માટેના ઓહાયો શિક્ષણ વિભાગની કચેરીમાં મોકલો; અથવા
- ફરિયાદ પત્ર લખો; અથવા
- 1-877-644-6338 ખાતે અસાધારણ બાળકોના સ્ટાફ માટે વિભાગની કચેરી પર ફોન કરો અને ફરિયાદ ફોર્મની વિનંતી કરો, જે તમારે ભરીને વિભાગને પરત કરવાનું રહેશે.



## તમારી ફરિયાદ ક્યાં મોકલવી

તમારી ફરિયાદ અસાધારણ બાળકો માટેની ઓહાયો શિક્ષણ કચેરીને અને શાળા જિલ્લાના સુપ્રિટેન્ડેન્ટ, *બંનેને* એક જ સમયે મોકલવી આવશ્યક છે.

મૂળ ફરિયાદ આમને મોકલો:

અસાધારણ બાળકો માટેની શિક્ષણ કચેરી ઓહાયો
વિભાગ
Attn: Assistant Director of Dispute Resolution Section 25 South
Front Street
Mail Stop 409

Columbus, Ohio 43215-4183

## મોકૂફી

મોકૂફીનો મતલબ રાજ્ય સ્તરે ફરિયાદમાં મુદ્દાઓને સ્થગિત રાખો. જો તમે અને શાળા ડિસ્ટ્રિક્ટ નિયત પ્રક્રિયાની સુનાવણીમાં સામેલ છો, અને કાં તો તમે અથવા ડિસ્ટ્રિક્ટ તે જ મુદ્દાઓ પર રાજ્ય સ્તરે ફરિયાદ પણ દાખલ કરો છો, તો ઓહાયો શિક્ષણ વિભાગ રાજ્ય સ્તરની ફરિયાદને સ્થગિત રાખશે. બીજા શબ્દોમાં કહીએ તો, તમારી રાજ્ય સ્તરની ફરિયાદનું નિરાકરણ કરતા પહેલાં, વિભાગ નિયત પ્રક્રિયા પૂરી થાય ત્યાં સુધી રાહ જોશે. જો તમે તમારી નિયત પ્રક્રિયાની સુનાવણીની વિનંતી પાછી ખેંચો છો, તો વિભાગ રાજ્ય સ્તરની ફરિયાદને મોકૂફીમાંથી બહાર લાવશે અને તમારી ફરિયાદના નિરાકરણ માટે આગળ વધશે.

જો નિયત પ્રક્રિયાની સુનાવણી થાય અને નિષ્પક્ષ સુનાવણી અધિકારી (IHO) દ્વારા નિર્ણય લેવામાં આવે, પછી વિભાગ રાજ્ય સ્તરની ફરિયાદને માત્ર તો જ નિરાકરણ માટે હાથ પર લેશે જો તમારી ફરિયાદમાં હજુ પણ એવા મુદ્દાઓ રહ્યાં હોય કે જેના પર સુનાવણી અધિકારી દ્વારા નિર્ણય લેવામાં ન આવ્યો હોય.



### આઈટમની ચેકલિસ્ટ જે તમારે રાજ્ય સ્તરે ફરિયાદમાં સામેલ કરવું આવશ્યક છે

- એ જણાવતું નિવેદન કે શાળા ડિસ્ટ્રિક્ટે સંઘીય અથવા રાજ્ય વિશેષ શિક્ષણની જરૂરિયાતનું ઉલ્લંઘન કર્યું છે.
- સમસ્યાનું વર્ણન, તમે તમારી ફરિયાદનો આધાર જેના પર રાખી રહ્યાં છો તે તથ્યો સહિત.
- તમારી સંપર્ક માહિતી અને મૂળ સહી.
- જો તમે કોઈ ચોક્કસ વિદ્યાર્થીના સંદર્ભમાં વિશેષ શિક્ષણ ઉલ્લંઘનનો આરોપ લગાવી રહ્યા છો:
  - વિદ્યાર્થીનું નામ અને રહેઠાણનું સરનામું;
  - વિદ્યાર્થી જે શાળામાં ભણે છે તેનું નામ;
  - બેઘર બાળક અથવા યુવા વ્યક્તિના કિસ્સામાં (મેકકિની-વેન્ટો બેઘર સહાયતા અધિનિયમ (McKinney-Vento Homeless Assistance Act) દ્વારા વ્યાખ્યાયિત),

    વિદ્યાર્થી માટે ઉપલબ્ધ સંપર્ક માહિતી અને

    વિદ્યાર્થી જે શાળામાં ભણે છે તેનું નામ;
  - સમસ્યા સંબંધિત તથ્યો સહિત સમસ્યાની પ્રકૃતિનું વર્ણન; અને
  - ફરિયાદ દાખલ થાય તે સમયે પક્ષકાર માટે જાણીતી અને ઉપલબ્ધ હદ સુધી સમસ્યાનું સૂચિત
    નિરાકરણ.
- ફરિયાદ *પર તમારી મૂળ સહી હોવી આવશ્યક છે, આથી તમે ફરિયાદને ફેક્સ અથવા ઈમેઈલ કરી શકતા નથી.*
- અનામી ફરિયાદો સ્વીકારવામાં આવશે નહીં.

## રાજ્ય સ્તરની ફરિયાદ પ્રક્રિયા

જ્યારે વિભાગને તમારી રાજ્ય સ્તરની ફરિયાદ મળે છે, જો તે યોગ્ય રીતે દાખલ કરવામાં આવી હોય, તો તેની સમીક્ષા કરવાનું શરૂ કરશે અને, જો જરૂરી હોય તો, વિશેષ શિક્ષણની જરૂરિયાતોના કથિત ઉલ્લંઘનની તપાસ કરશે. અસાધારણ બાળકો માટેની કચેરીએ તમારી ફરિયાદ પ્રાપ્ત થઈ તે તારીખથી 60 કેલેન્ડર દિવસોમાં ફરિયાદનું નિરાકરણ કરવું આવશ્યક છે.

ફરિયાદ પ્રક્રિયાના ભાગરૂપે, અસાધારણ બાળકો માટેની કચેરી આમ કરશે:

- તમારી ફરિયાદની સમીક્ષા કરવી અને એ નક્કી કરવુંકે તેને તમારી ફરિયાદમાંના આક્ષેપોના નિરાકરણ કરવાની સત્તા છે કે કેમ;
- તમને અને શાળા ડિસ્ટ્રિક્ટ બંનેને લેખિતમાં એ આક્ષેપો વિશે જણાવશે કે જેનું તે નિરાકરણ કરશે, એક તપાસ સહિત (જો જરૂરી હોય તો);
- ફરિયાદને ઉકેલવાના વૈકલ્પિક માર્ગ તરીકે તમને અને ડિસ્ટ્રિક્ટ, બંનેને મધ્યસ્થી અથવા સુવિધા રજૂ કરશે;
- તમારી ફરિયાદમાં આક્ષેપો વિશે તમારી અને જિલ્લા પાસેથી વધુ માહિતી માટે પૂછો;
- તમારા અને જિલ્લા દ્વારા પૂરા પાડવામાં આવેલ વધારાના દસ્તાવેજો અને માહિતીની સમીક્ષા કરો, ટેલિફોન ઇન્ટરવ્યુ લો અને તમારા બાળકના જિલ્લાની મુલાકાત લો, કારણ કે તે જરૂરી નક્કી કરે છે;
- તમારા જિલ્લાને તમારી ફરિયાદનો જવાબ આપવાની અને ઠરાવ કરવાની તક આપો; અને
- વિશેષ શિક્ષણનું ઉલ્લંઘન થયું છે કે કેમ તે અંગે તમે અને તેના નિર્ણયના જિલ્લાને જાણ કરતો પત્ર લખો (જો જરૂરી હોય તો તેની સમીક્ષા અને તપાસ પૂર્ણ કર્યા પછી, અને તે તમારી ફરિયાદ પ્રાપ્ત થયાની તારીખથી 60 કેલેન્ડર દિવસો કરતાં વધુ નહીં).

### સમયરેખા વિસ્તરણ

જો સમય વધારવામાં આવે તો વિભાગ પાસે ફરિયાદનો ઉકેલ લાવવા અને તેના નિર્ણય સાથે પત્ર જારી કરવા માટે 60 દિવસથી વધુ સમય હોઈ શકે છે. રાજ્યની ફરિયાદના નિરાકરણ માટે 60 દિવસની સમયરેખાનું વિસ્તરણ ત્યારે કરી શકાય છે જ્યારે:

- તમે અને શાળા જિલ્લા વધુ સમય માટે સંમત થાઓ છો જેથી તમે બંને મધ્યસ્થી, સુવિધા અથવા વૈકલ્પિક વિવાદ ઉકેલવાના કેટલાક અન્ય માધ્યમો દ્વારા સમસ્યાનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરી શકો છો; અથવા જ્યારે
- અસાધારણ સંજોગો હોય (અસામાન્ય બાળકો માટેની કચેરી દ્વારા કેસ-બાય-કેસ આધારે નક્કી કરવામાં આવે છે).

### અયોગ્ય દાખલ કરવું

જો અસામાન્ય બાળકો માટેની કચેરી નક્કી કરે છે કે તમે રાજ્યની ફરિયાદ યોગ્ય રીતે દાખલ કરી નથી કારણ કે તમે જે મુદ્દાને ઉકેલવા માંગો છો તેના વિશેની તમામ જરૂરી માહિતી શામેલ કરી નથી,

અથવા જો અસામાન્ય બાળકો માટેની કચેરી પાસે ફરિયાદની તપાસ કરવાની સત્તા નથી, તો અસામાન્ય બાળકો માટેની કચેરી તમને એક પત્ર મોકલશે જે સમજાવે છે: તમારી ફરિયાદનું નિરાકરણ લાવવા સાથે તે કેમ આગળ નથી વધી રહી, આ નિર્ણયનું કારણ અને જો લાગુ પડતું હોય, તો તેને યોગ્ય રીતે દાખલ કરવા માટે નવી ફરિયાદમાં સમાવવાની જરૂર હોય તેવી માહિતી.

### ફરીયાદ ફરી સબમિટ કરવી

જો તમારે નવી માહિતી સાથે ફરી ફરિયાદ સબમિટ કરવી હોય, તો કથિત વિશેષ શિક્ષણ ઉલ્લંઘન થયું તેના એક વર્ષની અંદર ઓહિયો શિક્ષણ વિભાગ અને શાળા જિલ્લાને ફરિયાદ મોકલવાની ખાતરી કરો. જો તમે તમારી ફરિયાદમાં એવા મુદ્દાઓ શામેલ કર્યા છે કે જે વિભાગને ઉકેલવાની સત્તા નથી, તો તે તમને યોગ્ય રીતે આ મુદ્દાઓને ઉકેલવા માટે સંસાધનોનો સંદર્ભ આપશે.

## રાજ્ય ફરિયાદ પ્રક્રિયા: સમયરેખા અને મુખ્ય પગલાં

**ફરિયાદ દાખલ કરવી**

- કથિત ઉલ્લંઘનના એક વ્ષરમાં ફરિયાદ દાખલ કરી.
- માતાપિતા ઓહિયો શિક્ષણ વિભાગને મૂળ અને જિલ્લાને એક નકલ પ્રદાન કરે છે.
- ફરિયાદમાં સહાયક તથ્યો સાથે વિશેષ શિક્ષણ આવશ્યકતાઓના

**ઓહિયો શિક્ષણ વિભાગ ફરિયાદની સમીક્ષા કરે છે**

